**સુરતના બીજી મજૂર અદાલતના ન્યાયાધીશ**

**શ્રી એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૮૬૬/૨૦૨૫**

**<u>આંક–૨૨</u>**

**ફરિયાદી–** **સરકાર પક્ષે શ્રી એસ.એસ.શાહ,નિરીક્ષક,સુરત**

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી–** **(૧) સીબીઆરઇ સાઉથ એશિયા પ્રા.લી.–સંસ્થા**
ગ્રાઉન્ડ ફલોર,પીટીઆઇ બિલ્ડીંગ,ન્યુ દિલ્હી
(કામનું સ્થળ–વીઆરમોલ,ડુમ્મસ રોડ,સુરત)

**(૨) રાજેશ પંડિત–ડિરેકટરશ્રી**
**C/o સીબીઆરઇ સાઉથ એશિયા પ્રા.લી.–સંસ્થા**
ગ્રાઉન્ડ ફલોર,પીટીઆઇ બિલ્ડીંગ,ન્યુ દિલ્હી
(કામનું સ્થળ–વીઆરમોલ,ડુમ્મસ રોડ,સુરત)

**ગુનોઃ બોનસ ચુકવણી અધિનિયમ,૧૯૬૫ ની કલમ–૨૭(૪) ના ભંગ બદલ**

**– ચુકાદો –**

(૧) ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરિયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરિયાદ નોંધાવી છે.ત્યારબાદ આરોપીને સદરહું ગુના માટે સમન્સ કાઢતા જે સંદર્ભે આરોપી વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ.જેથી તેઓને ફરીયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ.ત્યારબાદ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબુલ છે કે કેમ? તેવુ પુછવામાં આવેલ જેથી તેઓએ આરોપી વતી ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને સદર કામે આંક–૧૮ અને ૧૯ થી પ્લી તથા આંક–૨૦ અને ૨૧ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે.તેઓએ આરોપી વતી ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે.આમ છતાં તેઓએ આરોપી વતી ગુન્હો

કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓને પ્લી નોધવામાં આવેલ છે.આરોપીપક્ષે આંક-૧૬ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજૂ કરેલ છે જેમાં નિ.૧૬/૧ થી આ કામે આરોપી પક્ષે CBRE સંસ્થા આપેલ ઓથોરીટી લેટર,નિ.૧૬/૨ થી આરોપી પક્ષે શ્રી રાજેશ પંડિતએ આપેલ ઓથોરીટી લેટર,નિ.૧૬/૩ થી આરોપી વિદેશ ગયા હોવાથી ફલાઇટની ટીકીટ અને નિ.૧૬/૪ થી રાજેશ પંડિતના વીઝા રજુ કરેલ છે.આમ,આરોપીપક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આરોપી વિદેશ ગયા હોય તેવુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા ફલિત થાય છે.

(૨) તેઓની હાલની ફરીયાદ અનવ્યેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે.વધુમાં જણાવેલ છે કે,તેઓને સદરહું ગુનો કરવાનો કોઇ ઈરાદો ન હતો પરંતુ અજાણતા અને કાયદાની અજ્ઞાનતાને કારણે ગુન્હો થયેલ છે જે બદલ તેઓ માફી માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનો કોઇ ગુન્હો આરોપી વતી કરવામાં આવશે નહી તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધારવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મુકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે આરોપીના ફલાઇટ ટીકીટ આરોપીના વિ.વ.શ્રી.એ રજુ કરેલ છે અને સદર કામે આરોપી વતી ઓથોરીટી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે તે સંજોગોમાં આરોપીની ઓથોરીટીના આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુન્હો કબુલ કરી શકે છે.તેઓને ઉકત નિયમના ભંગ બદલ અધિનિયમની કલમ-૨૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીવાર ઠરે છે.તે સંજોગોમાં આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વૈચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે,પરંતુ આરોપીએ જે જોગવાઇઓનો ભંગ કરેલ તે ધ્યાને લેતાં તથા ગુન્હો કબુલ કરનારની ઉંમર,કેસની હકીકત,સજાની જોગવાઇ,ગુન્હાનો પ્રકાર ધ્યાને લેતાં તેમજ સવિશેષ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત

થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબ હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

(૧) આરોપીઓને બોનસ ચુકવણી અધિનિયમ,૧૯૬૫ ની કલમ–૨૭(૪) ના ઉલ્લંધન બદલ તકસીરવાર ઠરાવી દરેક આરોપીને **રૂ.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.આરોપી વતી ઓથોરાઈઝ પર્સન **શ્રી રાજેશ સિંહ**નાઓને ઉપરોકત દંડની રકમ ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી રાજેશ સિંહ**ની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ ૧ માસની સાદી કેદની સજા ભોગવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ દરમિયાન વાંચી,સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. – ૧૪/૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ન્યાયાધીશ (સિનીયર ડિવિઝન)
મજૂર અદાલત નં.૨,સુરત
**Code No.GJ01279**